અંદાજપત્ર પ્રકાશન નંબર-૫૨

सत्यमेव जयते
ગુજરાત રાજ્ય

# કામગીરી અંદાજપત્ર

## સને ૨૦૧૪- ૨૦૧૫

### શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સરકારી મુદ્રણાલય, ભાવનગર.
૨૦૧૪

H-1014.

© સરકારી મુદ્રણાલય, ભાવનગર.

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

## આમુખ

વિકાસ કાર્યક્રમોનો સીધો હવાલો સંભાળતાં ખાતાં અને સંગઠનોએ કામગીરી અંદાજપત્ર પદ્ધતિ દાખલ કરવી એવી ભારત સરકારે રચેલા વહીવટી સુધારણા કમિશને ભલામણ કરી હતી. ગુજરાત સરકારે આ ભલામણ સ્વીકારીને અમલમાં મૂકેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું કામગીરી અંદાજપત્ર ત્રણ ભાગમાં તૈયાર કરેલ છે.

(ક) પ્રથમ ભાગ કે જે ભાગ-૧ અને ૨ માં વહેંચાયેલ છે. તેમાં ખાતા દ્વારા સંચાલિત તમામ મોટા કાર્યક્રમો અને આગલા વર્ષ/વર્ષોની એકંદર કામગીરીને આવરી લેતી વિસ્તૃત રૂપરેખામાં ખાતાના સંસ્થાકીય માળખાના ઉદ્દેશો દર્શાવવામાં આવે છે.

(ખ) એ પછી કામગીરી અંદાજપત્રનો સૌથી અગત્યનો ભાગ તે "નાણાકીય જરૂરીયાતના કોઠા" આવે છે. જેને ત્રણ ભાગમાં વહેંચેલ છે.

(૧) વિધાનસભા પાસેથી માંગેલ નાણાંના કાર્યક્રમ અને પ્રવૃત્તિવાર વર્ગીકરણ. આમાં અર્થપૂર્ણ રીતે વર્ગીકૃત કરેલ કામનું પ્રમાણ દર્શાવાય છે.

(૨) વિષયવાર વર્ગીકરણમાં પગાર, પગાર ભથ્થા વગેરે જેવા જુદા જુદા વિષયોમાં વિભાગીય રકમ અથવા આ રકમ જેમાં સહાયક ગ્રાન્ટ વગેરેની વહેંચણી ખર્ચવા માટેની જવાબદાર સંસ્થાઓ દર્શાવે છે.

(૩) નાણાકીય જરૂરીયાતોમાં અંદાજપત્રના જે સદરો હેઠળ આ રકમ દર્શાવી હોય એ સદર દર્શાવે છે.

(ગ) કામગીરી અંદાજપત્રનો ત્રીજો ભાગ, "નાણાકીય જરૂરીયાતની સમજૂતિ" સાથે સંબંધ ધરાવે છે. આ ભાગમાં દરેક પ્રવૃત્તિનો કાર્યબોજ, કાર્યક્રમ, ભૂતકાળની અને વર્તમાન સિધ્ધિઓના કોઠા પત્રકો અને એ પ્રક્રિયામાં સુધારેલ અંદાજપત્ર અને બજેટ અંદાજપત્રમાં નોંધપાત્ર તફાવત અંગે પણ સમજૂતી આપીને વર્ષ દરમ્યાન કરેલ કામ અને આવતા વર્ષ માટેના કામનો લક્ષ્યાંક સ્પષ્ટપણે દર્શાવાય છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતી માંગણી અને કાર્યક્રમો અંગેનું કામગીરી અંદાજપત્ર સને ૨૦૧૪-૨૦૧૫ માટેના વાર્ષિક અંદાજપત્રના પૂરક પ્રકાશન તરીકે વિધાનસભા સમક્ષ રજૂ કર્યું છે.

વિભાગે નાણાં વિભાગના પરામર્શથી અને પોતાના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓના સક્રિય સહયોગથી આ કામગીરી અંદાજપત્ર તૈયાર કર્યું છે. નિયંત્રણ હેઠળના ખાતાઓ અને તેની કામગીરી તથા સચિવાલયના વિભાગની કામગીરી અલગ દર્શાવી છે.

સ્થળઃ- ગાંધીનગર
તારીખઃ- ૦૪-૦૭-૨૦૧૪

જી.આર.અલોરિયા
અધિક મુખ્ય સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ગુજરાત સરકાર

# વિષય સૂચિ


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | |
| | (૧) પ્રસ્તાવના | ૧ |
| | (૨) કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું વર્ગીકરણ | ૫ |
| | (૩) ઉદ્દેશવાર વર્ગીકરણ | ૬ |
| | (૪) નાણાકીય સાધનો | ૭ |
| | (૫) વહીવટી વ્યવસ્થાનો ચાર્ટ | ૯ |
| ૨ | શહેરી વિકાસ | |
| | (૧) પ્રાસ્તાવિક | ૧૫ |
| | (૨) કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું વર્ગીકરણ | ૪૮ |
| | (૩) ઉદ્દેશવાર વર્ગીકરણ | ૫૦ |
| | (૪) નાણાકીય સાધનો | ૫૧ |
| | (૫) સમજૂતી | ૫૨ |
| | (૬) સહાયક અનુદાનની વિગત | ૫૭ |
| 3 | શહેરી ગૃહનિર્માણ | |
| | (૧) પ્રાસ્તાવિક | ૬૯ |
| | (૨) કામગીરીની એકંદર ટૂંકી સમીક્ષા | ૭૦ |
| | (૩) કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું વર્ગીકરણ | ૭૬ |
| | (૪) ઉદ્દેશવાર વર્ગીકરણ | ૭૮ |
| | (૫) નાણાકીય સાધનો | ૭૯ |
| | (૬) સમજૂતી | ૮૦ |

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

## (ખુદ)

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષનું કામગીરી અંદાજપત્ર

## પ્રસ્તાવના

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ (ખુદ)

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ગામડાઓનું ઝડપી શહેરીકરણ થઇ રહ્યું છે તથા શહેરોના વિકાસ અને વિસ્તૃતિકરણ પણ અત્યંત વેગવંતા બન્યા છે. શહેરોમાં રહેઠાણ અને આયોજિત વિકાસના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે સમયાનુસાર પુરતું ધ્યાન કેન્દ્રિત કરી શકાય તે દ્રષ્ટિબિંદુથી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં ૧ લી જુલાઇ ૧૯૮૩ થી કામગીરી કરવામાં આવે છે. આ વિભાગ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણને લગતી બાબતોમાં નીતિ વિષયક નિર્ણય લે છે અને તેના અમલમાં દેખરેખ રાખે છે, માર્ગદર્શન આપે છે તથા હુકમ સ્વરૂપે આદેશો બહાર પાડે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ અધિક મુખ્ય સચિવશ્રીના નિયંત્રણ હેઠળ છે. તેમની સહાયમાં એક સચિવશ્રી (હાઉસીંગ અને નિર્મળ ગુજરાત), છ નાયબ સચિવો, એક ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ સંયુકત સચિવ (તાંત્રિક), પાંચ ઉપસચિવો, એક નગર નિયોજક, એક અગ્ર રહસ્ય સચિવ મળી કુલ-૧૪ વર્ગ-૧ ના અધિકારીઓ અને ૧૧ શાખા અધિકારીઓ, ૧ જુનિયર નગર નિયોજક અને ૩ સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ મળી વર્ગ-૨ ના કુલ-૧૫ અધિકારીઓ તથા વર્ગ-૩ ના ૫૭ અને વર્ગ-૪ના ૧૬ કર્મચારીઓ છે. (તા.૧/૦૫/૨૦૧૪)

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના વહીવટી અંકુશ હેઠળ નીચે દર્શાવેલ ખાતાના વડાઓ કામ કરે છે.

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી નગરપાલિકાઓ, ગાંધીનગર.

આ ઉપરાંત નીચે મુજબના મંડળો આ વિભાગના નિયંત્રણ હેઠળ કામ કરે છે.

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ. (સ્લમ સેલ સહિત)

(૨) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.

આ વિભાગ હેઠળ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર શહેરી
વિકાસ સત્તામંડળો તથા ભાવનગર, જામનગર, ગાંધીધામ, ભૂજ, ભચાઉ, અંજાર અને
રાપર વિસ્તાર વિકાસ સત્તામંડળો કામ કરે છે. આ ઉપરાંત ગુજરાત શહેરી વિકાસ
કંપની લિમિટેડ, ગુજરાત શહેરી વિકાસ મિશન અને નિર્મળ ગુજરાત મિશન કામ કરે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને નીચે જણાવેલ વિષયો
ફાળવવામાં આવેલ છેઃ-

૧. સ્થાનિક બોર્ડો સાથે સંકળાયેલી બધી બાબતો (રસ્તાઓ સિવાય)

૨. સ્થાનિક સ્વરાજ્ય એટલે કે, સ્થાનિક સ્વરાજ્યના હેતુઓ માટે મહાનગરપાલિકાઓની/ નગરપાલિકાઓની ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટની તથા બીજા સ્થાનિક સત્તામંડળની રચના અને તેમની સત્તા.

3. (કેન્ટોનમેન્ટમાં ન્યાયાધિકારીઓની નિમણૂંક સિવાય) કેન્ટોનમેન્ટ વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્ય, એવા વિસ્તારોમાં મકાનો, રહેઠાણોનું નિયમન (ભાડા નિયંત્રણ સહિત) અને ભારતની અંદર આવા વિસ્તારોની આંકણી.

૪. સ્થાનિક સંસ્થાઓને લોન.

૫. બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯.

૬. ગુજરાત મ્યુનિસિપાલીટીઝ એક્ટ, ૧૯૬૩.

૭. ગુજરાત મ્યુનિસિપલ નાણાં વ્યવસ્થા બોર્ડ અધિનિયમ, ૧૯૭૯ નો અમલ અને તેમાંથી ઉપસ્થિત થતી બાબતો.

૮. ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ, ૧૯૭૬ અને તેમાંથી ઉપસ્થિત થતી બાબતો.

૯. સ્થાનિક સંસ્થાઓ વસુલ કરતી હોય તે માથાવેરો, વ્યવસાયવેરો, વેપાર, ધંધા અને રોજગાર ઉપરના કર, પશુઓ અને હોડીઓ ઉપરના કર, વર્તમાન પત્ર સિવાયના બીજા માલના ખરીદ અને વેચાણ ઉપરના કર, વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થતી જાહેર ખબરો સિવાયની જાહેર ખબરો ઉપરના કર.

૧૦. સ્થાનિક વિસ્તારોમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે પ્રવેશતા માલ ઉપર ઉપકર.

૧૧. જમીન અને મકાનો ઉપરના કર (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લેતી હોય તે).

૧૨. નગર આયોજનની યોજના.

૧૩. નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી.

૧૪. ગાંધીધામ (ડેવલપમેન્ટ એન્ડ કંટ્રોલ ઓન ઇરેકશન ઓફ બિલ્ડિંગ) એક્ટ, ૧૯૫૭.

૧૫. ગુજરાત હાઉસીંગ બોર્ડ એક્ટ, ૧૯૬૧.

૧૬. ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ એક્ટ, ૧૯૭૩.

૧૭. ગુજરાત હાઉસીંગ બોર્ડ અને ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડ દ્વારા અમલમાં મૂકાતી ગૃહનિર્માણ યોજનાઓ.

૧૮. ઔદ્યોગિક ગૃહનિર્માણ સહિત, ગૃહનિર્માણ અને ઓછી આવકવાળા જૂથમાં આવતી સહકારી મંડળીઓને મદદ અને ગંદા વસવાટોની નાબૂદી યોજનાઓ, આર્થિક રીતે નબળા જૂથમાં આવતી સંસ્થાઓને મદદ આપવી.

૧૯. (૧) વિભાગના વહીવટી નિયંત્રણ નીચેના બધા રાજ્યપત્રિત અધિકારીઓ અને બીન રાજ્યપત્રિત સરકારી કર્મચારીઓની નિમણૂંકો, પદ-નિયુક્તિઓ, બદલીઓ, બઢતીઓ, વર્તણૂંક, રજા-મંજૂરી, પેન્શન વગેરેને લગતી તમામ બાબતો.

(૨) વિભાગના વહીવટી નિયંત્રણ નીચેના સચિવાલય સંવર્ગના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને પેન્શન મંજૂર કરવાને લગતી તમામ બાબતો, અને

(૩) વિભાગના વહીવટી નિયંત્રણ નીચેના સચિવાલય સંવર્ગના વર્ગ-૨ ના અધિકારીઓની રજા મંજૂર કરવાને લગતી તમામ બાબતો.

૨૦. શિક્ષણ ઉપકર.

૨૧. શહેરી ગરીબો માટેનો કલ્યાણ કાર્યક્રમ- વડાપ્રધાનશ્રીનો સંકલિત કાર્યક્રમ સાથે.

૨૨. ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના.

૨૩. વિશ્વબેંક સહાયિત શહેરી વિકાસ પરિયોજના.

૨૪. શહેરી મૂળભૂત સેવાઓ.

૨૫. સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના.

૨૬. નેશનલ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ.

૨૭. બારમું નાણાંપંચ.

૨૮. મુંબઇ ભાડા હોટલ અને વિકાસ ગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭.

૨૯. ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩.

સરકારે નિયત કરેલા ધોરણો અનુસાર આ વિભાગ તેના નિયંત્રણ હેઠળ ખાતાના વડાની કચેરીનું નિરીક્ષણ હાથ ધરે છે, અને તેમને સુયોગ્ય વહીવટ માટે માર્ગદર્શન આપવા અને કોઇ ખામી હોય તો એ દર્શાવીને તેમની કામકાજ પધ્ધત્તિ સુધારવા પુરતું એ સમયસર નિર્દેશન કરે છે.

## ભાગ-૨ (અ)
## નાણાકીય જરૂરીયાતો કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું વર્ગીકરણ

(રૂપિયા હજારમાં)

| અનું ક્રમાંક | કાર્યક્રમ અને પ્રવૃત્તિવાર વર્ગીકરણ | મુખ્ય સદર | સને ૨૦૧૨-૨૦૧૩ નો હિસાબ | | સને ૨૦૧૩-૨૦૧૪ નો અંદાજ | | સને ૨૦૧૩-૨૦૧૪ નો સુધારેલ અંદાજ | | સને ૨૦૧૪-૨૦૧૫ નો અંદાજ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧. | વિભાગના અધિકારી/ કર્મચારીના પગાર ભથ્થા | ૨૨૫૧-સચિવાલય સામાજિક સેવાઓ | ૯૮૦ | ૩૭૩૮૦ | - | ૫૨૦૨૫ | - | ૩૮૪૪૦ | - | ૫૭૧૧૧ |
| ૨. | વિભાગના કર્મચારીઓને લોન/સહાય | ૭૬૧૦- સરકારી કર્મચારીઓને લોન અને પેશગીઓ | - | ૩૦ | - | ૧૧૦૦ | - | ૭૯૭ | - | ૧૬૧૦ |
| | | કુલઃ- | ૯૮૦ | ૩૭૪૧૦ | - | ૫૩૧૨૫ | - | ૩૯૨૩૭ | - | ૫૮૭૨૧ |

## ભાગ-૨ (બ)

## ઉદ્દેશવાર વર્ગીકરણ

(રૂપિયા હજારમાં)

| ક્રમ | સદરના નામ અને ક્રમાંક તેમજ ઉદ્દેશવાર વર્ગીકરણ | | સને ૨૦૧૨-૨૦૧૩ નો હિસાબ | | સને ૨૦૧૩-૨૦૧૪ નો અંદાજ | | સને ૨૦૧૩-૨૦૧૪ નો સુધારેલ અંદાજ | | સને ૨૦૧૪-૨૦૧૫ નો અંદાજ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર |
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ૦૧૦૧ | અધિકારીઓનો પગાર | - | ૬૮૮૧ | - | ૮૭૦૦ | - | | - | ૯૧૨૩ |
| ૨ | ૦૧૦૨ | કર્મચારીઓનો પગાર | - | ૭૮૦૧ | - | ૧૩૩૦૦ | - | | - | ૧૩૪૨૬ |
| ૩ | ૦૧૦૩ | મોંઘવારી ભથ્થુ | - | ૯૮૮૩ | - | ૧૭૬૦૦ | - | | - | ૨૨૨૭૬ |
| ૪ | ૦૧૦૪ | અન્ય ભથ્થાં | - | ૧ | - | ૫ | - | | - | ૧૩ |
| ૫ | ૦૧૦૫ | રજા પ્રવાસ રાહત | - | ૧૬૪ | - | ૯૦૦ | - | | - | ૩૦૦ |
| ૬ | ૦૧૦૬ | તબીબી ખર્ચની ભરપાઇ | - | ૮૪ | - | ૧૮૦ | - | | - | ૭૦ |
| ૭ | ૦૧૦૭ | તબીબી ભથ્થુ | - | ૬૬૮ | - | ૨૩૫ | - | | - | ૨૦૧ |
| ૮ | ૦૧૦૮ | બોનસ | - | ૨૪ | - | ૨૦ | - | | - | ૨૦ |
| ૯ | ૦૧૦૯ | રજાનું રોકડમાં રૂપાંતર | - | ૩૩૨૩ | - | ૬૦૦ | - | | - | ૨૮૦૦ |
| ૧૦ | ૦૧૧૦ | ઘર ભાડા ભથ્થુ | - | ૨૩૯૬ | - | ૩૦૦૦ | - | | - | ૩૧૬૩ |
| ૧૧ | ૦૧૧૧ | સ્થાનિક વળતર ભથ્થુ | - | ૧૩૬ | - | ૧૪૫ | - | ૩૮૪૪૦ | - | ૧૫૬ |
| ૧૨ | ૦૧૧૩ | વાહન ભથ્થુ | - | ૩૯૪ | - | ૪૫૦ | - | | - | ૬૪૩ |
| ૧૩ | ૦૧૧૭ | આર.ઓ.પી. એરિયર્સ (રાજયપત્રિત) | - | ૧૧૧૨ | - | ૧૦૬૦ | - | | - | - |
| ૧૪ | ૦૧૧૮ | આર.ઓ.પી. એરિયર્સ (બિન રાજયપત્રિત) | - | ૧૪૧૦ | - | ૧૦૬૦ | - | | - | - |
| ૧૫ | ૦૬૦૦ | ઉચ્ચક નાણાકીય સહાય | - | - | - | ૫૦૦ | | | - | ૪૦૦ |
| ૧૬ | ૧૧૦૦ | પ્રવાસ ખર્ચ | - | ૫૫૨ | - | ૬૦૦ | - | | - | ૬૬૦ |
| ૧૭ | ૧૩૦૦ | કચેરી ખર્ચ | - | ૨૫૦૯ | - | ૩૬૦૦ | - | | - | ૩૮૦૦ |
| ૧૮ | ૫૧૦૦ | મોટર વાહનો | ૯૮૦ | - | - | ૦ | - | | - | - |
| ૧૯ | ૫૭૦૦ | તહેવાર પેશગી | - | ૧૨ | - | ૩૦ | - | | - | ૨૦ |
| ૨૦ | ૫૮૦૦ | અનાજ પેશગી | - | ૩૦ | - | ૪૦ | - | | - | ૪૦ |
| ૨૧ | | સરકારી કર્મચારીઓ વગેરેને લોન | - | ૩૦ | - | ૧૧૦૦ | - | ૭૯૭ | - | ૧૬૧૦ |
| | | કુલઃ- | ૯૮૦ | ૩૭૪૧૦ | - | ૫૩૧૨૫ | - | ૩૯૨૩૭ | - | ૫૮૭૨૧ |

### ભાગ-૨ (ક)
### નાણાકીય સાધનો

(રૂપિયા હજારમાં)

| માંગણી ક્રમાંક | મુખ્ય સદર | સને ૨૦૧૨-૨૦૧૩ નો હિસાબ | | સને ૨૦૧૩-૨૦૧૪ નો અંદાજ | | સને ૨૦૧૩-૨૦૧૪ નો સુધારેલ અંદાજ | | સને ૨૦૧૪-૨૦૧૫ નો અંદાજ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર | આયોજન | આયોજન બહાર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૯૮ | ૨૨૫૧-સચિવાલય સામાજિક સેવાઓ | ૯૮૦ | ૩૭૩૮૦ | - | ૫૨૦૨૫ | - | ૩૮૪૪૦ | - | ૫૭૧૧૧ |
| ૧૦૨ | ૭૬૧૦- સરકારી કર્મચારીઓને લોન/ પેશગીઓ | - | ૩૦ | - | ૧૧૦૦ | - | ૭૯૭ | - | ૧૬૧૦ |
| | કુલઃ- | ૯૮૦ | ૩૭૪૧૦ | - | ૫૩૧૨૫ | - | ૩૯૨૩૭ | - | ૫૮૭૨૧ |



નોંધઃ-

(૧) આ જોગવાઇ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મહેકમ પરના પગાર અને ભથ્થા અંગેનું ખર્ચ દર્શાવે છે એમાં કચેરી ખર્ચની અને પ્રવાસ ખર્ચની જોગવાઇનો પણ સમાવેશ થાય છે.

(૨) આ ખર્ચમાં સરકારી કર્મચારીઓને મકાનોના બાંધકામ/ખરીદી લોન તેમજ મોટર અને બીજાં વાહનો, પંખા પેશગી, અનાજ ખરીદવાની અને તહેવારોની પેશગી અંગેની જોગવાઇ કરી છે.

# પરિશિષ્ટ-૨ તંત્રનું માળખું

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

## વહીવટી માળખું

**શ્રી જી.આર.અલોરિયા, (આઇ.એ.એસ.)**

**અધિક મુખ્ય સચિવ**

**શ્રીમતિ મોના ખંધાર, (આઇ.એ.એસ.) સચિવ (હાઉસીંગ)**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શ્રી વાય.પી.રાવલ<br>નાયબ સચિવ (ન.પા.) | | શ્રી એસ.જી.ભટ્ટ<br>નાયબ સચિવ (ગૃ.નિ.) | | શ્રી<br>એ.ટી.પરમાર<br>નાયબ સચિવ<br>(શ.વિ.) | શ્રી કે.ડી.સુથાર<br>નાયબ સચિવ (ન.આ./પ્રો.) | | શ્રી વાય.બી.પટેલ<br>નાયબ સચિવ (બજેટ/સંકલન/ મહેકમ) | | | શ્રી પી.એલ.શર્મા<br>ખાસ ફરજ પરના<br>અધિકારી અને હોદ્દાની<br>રૂએ સંયુકત સચિવ |
| શ્રી એ.વી.શાહ<br>ઉપ સચિવ (ન.પા.) | | શ્રી એ.કે.શર્મા<br>ઉપ સચિવ (ગૃ.નિ.) (ઇન્ચાર્જ) | | ખાલી જગ્યા<br>ઉપ સચિવ<br>(શ.વિ.) | શ્રી પી.એલ.ભાંભોર<br>ઉપ સચિવ (ન.આ./પ્રો.) | | શ્રી એ.વી.શાહ<br>ઉપ સચિવ (બજેટ/સંકલન/રોકડ) | | | શ્રી એ.એમ.બ્રહ્મભટ્ટ<br>નગર નિયોજક<br>શ્રી પી.વાય.મહેતા<br>જુ. નગર નિયોજક |
| શ્રી<br>બી.એ..પંચાલ<br>સેકશન અધિકારી<br>(ર- શાખા)<br>નગરપાલિકાઓ<br>નું મહેકમ<br>ગુજરાત<br>મ્યુનિસિપલ નાણા<br>બોર્ડ | શ્રી<br>બી.એમ.ચૌહાણ<br>સેકશન અધિકારી<br>(મ- શાખા)<br>નગરપાલિકાઓને<br>લગતી કામગીરી<br>શિક્ષણ ઉપકર | શ્રીમતિ<br>યુ.એ.વ્યાસ<br>સેકશન અધિકારી<br>(થ- શાખા)<br>ગુજરાત હાઉસીંગ<br>બોર્ડ (સ્લમ સેલ<br>સહિત) અને<br>ગૃહનિર્માણને<br>લગતી સંકલનની<br>કામગીરી.<br>શહેરી ગરીબી<br>આવાસન યોજના | શ્રી એ.કે.શર્મા<br>સેકશન<br>અધિકારી<br>(થ-૧-<br>શાખા)<br>એફોર્ડેબલ<br>હાઉસીંગ | શ્રીમતિ<br>રીતા સી. જાડેજા<br>સેકશન<br>અધિકારી<br>(પી- શાખા)<br>તમામ<br>મહાનગરપલિકા<br>ઓને લગતી<br>વહીવટી<br>કામગીરી | શ્રી<br>આર.એમ.ચૌધરી<br>સેકશન અધિકારી<br>(વ- શાખા)<br>ન.આ. અને<br>મૂલ્યાંકન ખાતાની<br>મહેકમ વિષયક<br>કામગીરી,<br>શહેરી/વિસ્તાર<br>વિકાસ સત્તામંડળો,<br>ગુ.શ.વિ. કંપનીને<br>લગતી કામગીરી | શ્રી એ.પી.મકવાણા<br>સેકશન અધિકારી<br>(ધ- શાખા)<br>ગરીબ સમૃદ્ધિ<br>યોજના<br>સુવર્ણ જયંતી<br>શહેરી રોજગાર<br>યોજના<br>મહા નગરપાલિકા/<br>નગરપાલિકાઓને<br>લગતી તમામ<br>યોજનાકીય અને<br>પ્રોજેકટને લગતી<br>કામગીરી | શ્રી<br>આઇ.એ.દેસાઇ<br>સેકશન<br>અધિકારી<br>(બજેટ- શાખા)<br>બજેટ,<br>આયોજન તથા<br>મોનીટરીંગ<br>અને કામગીરી<br>અંદાજપત્ર | શ્રી ડી.એ..શાહ<br>સેકશન<br>અધિકારી<br>(હ- શાખા)<br>વિભાગનું<br>મહેકમ<br>રોકડ, રજીસ્ટ્રી,<br>સ્ટોર, ટાઇપ | શ્રી<br>આર.સી.પટેલ<br>સેકશન<br>અધિકારી<br>(સ- શાખા)<br>વિભાગના<br>સંકલનને<br>લગતી<br>કામગીરી | શ્રી વી.એન.પટેલ<br>સેકશન અધિકારી<br>(લ- શાખા)<br>વિકાસ યોજના<br>અને નગર<br>આયોજન યોજનાને<br>લગતી બાબતો<br>ઇમ્પેકટ ફી |

## ૧૮. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

તા.૧/૦૫/૨૦૧૪ના રોજની સ્થિતિ પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં મંજૂર થયેલ હંગામી તેમજ કાયમી અધિકારીઓ અને કર્મચારીઓની કુલ સંખ્યા દર્શાવતું પત્રકઃ-

| પે બેન્ડ | મંજૂર થયેલ મહેકમ | | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | |
| ૪૪૦૦-૭૪૪૦ | -- | -- | -- | ૧૬ | ૧૬ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | -- | -- | ૧૩ | -- | ૧૩ |
| ૯૩૦૦-૩૪૮૦૦ | -- | ૧૫ | ૪૪ | -- | ૫૯ |
| ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૧૩ | ૧ | -- | -- | ૧૪ |
| ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧ | -- | -- | -- | ૧ |
| ૬૭૦૦૦-૭૯૦૦૦ | ૧ | -- | -- | -- | ૧ |
| સરવાળોઃ- | ૧૫ | ૧૬ | ૫૭ | ૧૬ | ૧૦૪ |

# શહેરી વિકાસ

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

## કામગીરી અંદાજપત્ર

## સને ૨૦૧૪-૨૦૧૫

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

## કામગીરી અંદાજપત્ર સને ૨૦૧૪-૨૦૧૫

## શહેરી વિકાસ

### ૧. પ્રાસ્તાવિક

### નગરપાલિકાઓ

સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ રાજ્યની કુલ વસ્તી ૫.૦૫ કરોડ છે. જેમાં ધરતીકંપથી પ્રભાવિત કચ્છ, રાજકોટ અને જૂનાગઢ જિલ્લાની અંદાજીત વસ્તીનો સમાવેશ થાય છે. શહેરોમાં વસતા લોકોની કુલ સંખ્યા ૧.૮૯ કરોડની છે જે કુલ વસ્તીના ૩૮ ટકા છે. સમગ્ર દેશમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૨૭.૭ ટકા છે. તેની સામે ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ ઉંચુ છે. જેથી ગુજરાત રાજ્ય દેશમાં સૌથી વધુ શહેરીકરણ થઇ રહેલા રાજ્યોમાંનું એક અગ્રિમ રાજ્ય છે. છેલ્લા દશકામાં રાજ્યમાં કુલ વસ્તીમાં ૨૨.૬૬ ટકાનો વધારો થયેલ છે તેની સામે શહેરી વસ્તીમાં ૩૨.૩૮ ટકાનો વધારો થયેલ છે. ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૨૬૪ શહેરી વિસ્તારો છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ના અધિકારક્ષેત્રમાં ૧૫ હજારથી ૩ લાખ સુધીની વસ્તીવાળા શહેરી વિસ્તારોને ૭૪ માં બંધારણીય સુધારા પછી આવરી લેવામાં આવેલ છે. એક લાખ અને તેથી વધુ વસ્તી ધરાવતા નગરને વર્ગ-અ માં મૂકવામાં આવ્યા છે. જ્યારે ૫૦૦૦૦ થી ૧ લાખ સુધીની વસ્તીવાળા નગરને વર્ગ-બ માં મૂકવામાં આવ્યા છે. ૨૫ હજારથી ૫૦ હજાર વસ્તીવાળા નગરને વર્ગ-ક માં મૂકવામાં આવ્યા છે અને ૨૫ હજારથી ઓછી અને ૧૫ હજારથી વધારે વસ્તીવાળા નગરોને વર્ગ-ડ માં મૂકવામાં આવેલ છે. જે મુજબ તા.૦૧/૦૨/૨૦૦૮ ની સ્થિતિએ અ-વર્ગની ૧૮, બ-વર્ગની ૩૧, ક-વર્ગની-૪૭ અને ડ-વર્ગની ૬૩ ની સંખ્યા મળી કુલ ૧૫૯ નગરપાલિકાઓ અસ્તિત્વ ધરાવે છે.

નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, રાજકોટ. નગરપાલિકાઓના નિયામકશ્રીની કચેરી ૧ લી જુન-૧૯૬૫ થી અસ્તિત્વમાં આવી છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ. ૧૯૬૩ ની જોગવાઇઓને લક્ષમાં લઇને નિયામક કચેરી નગરપાલિકાઓના રોજબરોજના વહીવટમાં અને તેમના વિકાસમાં વેગ લાવવા માટે સહાય તેમજ માર્ગદર્શન આપે છે. તેમજ દેખરેખ રાખે છે.

ગુજરાત રાજ્યમાં કુલ-૧૫૯ નગરપાલિકાઓ, બરો નગરપાલિકાઓ આવેલી છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની જોગવાઇઓને આધીન રહીને નગરપાલિકાઓ બરો, નગરપાલિકાઓ અને નોટીફાઇડ એરિયા કચેરીઓ પર સીધેસીધા નિયંત્રણ, નિયમન અને વહીવટી દેખરેખની જવાબદારી નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર સંભાળે છે. સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારની નગરપાલિકાઓને તેમના પ્રશ્નોના નિકાલ માટે અને અનુદાનો મેળવવાની પ્રક્રિયા માટે વહીવટી સરળતા અને સુગમતા રહે અને નગરપાલિકાઓના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય તે દ્રષ્ટિબિંદુને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક કચેરી, રાજકોટ ખાતે શરૂ કરવામાં આવેલ છે.

## મહાનગરપાલિકાઓ

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર એમ આઠ શહેરોમાં મહાનગરપાલિકાઓ છે. તેનો વહીવટ ચૂંટાયેલી સામાન્ય સભા સમિતિઓ તેમજ મ્યુનિસિપલ કમિશનર, બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની જોગવાઇઓ દ્વારા કરે છે. મહાનગરપાલિકાઓને શહેરના નાગરિકોના કલ્યાણ માટે વિવિધ વિકાસ કાર્યો કરવાના હોય છે અને તેથી રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ છે.

## ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડઃ-

નગરપાલિકાઓના નાણાકીય સાધનો સંગીન બનાવવાના અને પોતાના વિસ્તારોમાંની વિકાસ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુ માટે ગુજરાત નગરપાલિકા નાણાં બોર્ડની સરકારે સ્થાપના કરી છે. નગરપાલિકાઓના મહેસુલી અને નાણાકીય વહીવટમાં કાર્યક્ષમતા, કરકસર અને શિસ્ત હોય એ આવશ્યક છે. આ હેતુ માટે નગરપાલિકાઓએ નાંખેલા કરવેરા પૂરેપૂરા વસુલ કરીને પોતાના નાણાકીય સાધનોનો સંપૂર્ણ રીતે ઉપયોગ કરી શકે તે માટે જરૂરી માર્ગદર્શન પણ બોર્ડ પુરુ પાડે છે.

સને ૧૯૭૯ ના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ અધિનિયમની જોગવાઇઓ પ્રમાણે તા.૨૪/૯/૭૯ થી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની સ્થાપના થયેલ છે. અધિનિયમની કલમ-૧૪ અન્વયે નિયત થયેલ બોર્ડની ફરજો અને કાર્યો નીચે પ્રમાણે છે

(૧) શહેરી સ્થાનિક સત્તામંડળોને મનોરંજન કરની રકમમાંથી સહાયક અનુદાનની વહેંચણી કરવી તથા લોન આપવી.

(૨) શહેરી સ્થાનિક સત્તામંડળોને આવક વધારવા માટેના ઉપાયો અને સાધનો વિષે તથા ફરજો બજાવવા માટે થતા ખર્ચની પદ્ધતિ અંગે સલાહસૂચનો આપવા.

(૩) શહેરી સ્થાનિક સત્તામંડળોને સામાન્યતઃ અથવા વ્યકિતગત રીતે કરવેરાની આકારણી.

(૪) સ્થાનિક સત્તામંડળોના હિતાર્થે કોઇપણ બાબત સરકારશ્રી બોર્ડને સોંપે તો તે અંગે ભલામણ કરવી.

(૫) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને રાજય સરકારે કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજનાના અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે નીમેલી છે.

# નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું

## નગર આયોજન

નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું સને ૧૯૧૫ ના વર્ષમાં સ્થાપવામાં આવેલ અને સને ૧૯૬૦ માં ગુજરાત રાજયની રચના થયા પછી ચાલુ રાખવામાં આવેલ છે. મુંબઇ નગર આયોજન ધારો-૧૯૫૪ અને ત્યાર બાદ સદર ધારાની જગ્યાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળની જોગવાઇઓને અનુરૂપ ફરજો આ ખાતું સ્થાનિક સંસ્થાઓ સાથેના સાથ સહકાર સાથે બજાવે છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઇ હેઠળ જુદા જુદા નગર/શહેરોની વિકાસ યોજનાઓ અને વિગતવાર નગર રચના યોજનાઓ તૈયાર કરી રાજયમાં નગર આયોજનને ઉત્તેજન આપવું તેના અમલ અંગે સલાહ આપવી, મહાનગર વિષયક પ્રાદેશિક નકશાઓ, ટ્રાફિક અને વાહન વ્યવહારના અભ્યાસ અહેવાલ તૈયાર કરવા, બીનખેતી વિષયક પરવાનગી આપવામાં અને રેખાંકન મંજુર કરવામાં કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સ્થાનિક સંસ્થાઓ સાથે વિચારણા કરી તેમના વિસ્તારના ભૌતિક વિકાસ ઉપર નિયંત્રણ રાખવાનું તથા પ્રાદેશિક/પેટા પ્રાદેશિક નકશાઓ તૈયાર કરવાનું તથા આયોજન કરવાનું છે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળો તથા જામનગર, ભાવનગર, રાપર, અંજાર, ભૂજ, ભચાઉ, અંબાજી, અલંગ અને કેવડીયા વિસ્તાર વિકાસ સત્તામંડળોને આ ખાતું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઇઓ મુજબ સલાહ આપે છે તેમજ વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે મુકરર થયેલ સ્થાનિક સત્તામંડળોને પણ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઇઓ હેઠળ સલાહ-સૂચન આપે છે ઉપરાંત મંજૂર થયેલ વિકાસ યોજના અને નગર રચના યોજનાઓની દરખાસ્તોના અમલ માટે સ્થાનિક સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા આ ખાતા દ્વારા અનુદાન આપવાની કામગીરી પણ કરવામાં આવે છે. મોટા શહેરો તથા ગ્રામ્ય વસ્તીનું સ્થળાંતર રોકવા માટે નાના અને મધ્યમ કક્ષાના નગરોના વિકાસ માટે ખાસ ધ્યાન આપવા આંશિક કેન્દ્ર સરકારની સહાયવાળી શહેરી વિકાસના યોજનાવાળા પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવા, પ્રોજેકટ અમલની પ્રગતિ ઉપર દેખરેખ રાખવાની અને તે અંગે રાજય સરકાર અને કેન્દ્ર સરકારને વાકેફ રાખવાની અને સંકલન કરવાની જવાબદારી પણ આ ખાતુ સંભાળે છે.

શહેરોના વિકસિત વિસ્તારોની આસાપાસ પણ સમુચિત સત્તામંડળોના કાર્યક્ષેત્ર બહારના વિસ્તારો માટે લેન્ડ રેવન્યુ નિયમ-૪૭ હેઠળના વહીવટી હુકમ ૨૪/અ મુજબ બ્રોડ લે આઉટ બનાવવાની કામગીરી તથા સરકારી માલિકોની જમીનોના લે-આઉટ બનાવવાની કામગીરી પણ કરવામાં આવે છે.

જમીન સંપાદન અધિનિયમ હેઠળ સંપાદન થતી જમીનો/મિલકતો અંદાજવામાં સરકારી જમીનોના નિકાલ માટે કિંમત અંદાજવામાં મ્યુનિસિપલ કરવેરા માટે સરકારી અને પંચાયતના મકાનોની આકારણી અંદાજી આપવામાં આ ખાતુ સરકારશ્રીને સલાહ આપે છે. તદ્ઉપરાંત ન્યાયની અદાલતમાં વળતરના કેસો માટે આધુનિક પુરાવા રજૂ કરવા માટે નિષ્ણાત અધિકારીઓની સેવા આપવામાં આવે છે. પ્રોબેટ કેસો, અને.એન. એસેસમેન્ટ વિગેરે પ્રકરણોમાં સરકારશ્રીને જે તે મિલકતોની આકારણી કરી આપવાની કાર્યવાહી આ ખાતા દ્વારા કરી આપવામાં આવે છે.

આ ખાતાના વડા મુખ્ય નગર નિયોજકશ્રી છે અને ખાતાની વડી કચેરી ગાંધીનગર ખાતે છે. મુખ્ય નગર નિયોજકશ્રીની દેખરેખ હેઠળ ચાર પ્રાદેશિક કચેરીઓ ઉત્તર ગુજરાત (મહેસાણા), મધ્ય ગુજરાત (અમદાવાદ), દક્ષિણ ગુજરાત (વડોદરા) અને સૌરાષ્ટ્ર (રાજકોટ) કામ કરે છે. જેના વડા તરીકે પ્રવર નગર નિયોજકશ્રીની કક્ષાના અધિકારીઓ ફરજ બજાવે છે. પ્રાદેશિક કચેરીઓની દેખરેખ હેઠળ દરેક વિભાગમાં જે તે જિલ્લાની જિલ્લા કક્ષાની કુલ-૨૬ શાખા કચેરીઓ છે, જેની વિગતો નીચે મુજબ છે.

આ શાખાની દેખરેખ જિલ્લા કક્ષાની કુલ-૨૬ શાખા કચેરીઓની વિગત નીચે મુજબ છે

| અ.નં. | કચેરીનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | વડી કચેરી, ગાંધીનગર | ૧ |
| ૨ | રીજીયન કચેરીઓ | ૪ |
| 3 | શાખા કચેરીઓ | ૨૬ |
| ૪ | નગર રચના યોજનાની કચેરીઓ | ૫૦ |
| | કુલઃ- | ૮૧ |

| અ.નં. | કચેરીનું નામ | કચેરીના વડાનો હોદ્દો | કચેરી કયા જિલ્લાઓ માટે કામ કરે છે. |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | અમદાવાદ |
| ૨. | મહેસાણા શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | મહેસાણા |
| ૩. | હિંમતનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | સાબરકાંઠા |
| ૪. | નડિયાદ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ખેડા |
| ૫. | વડોદરા શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | વડોદરા |
| ૬. | સુરત શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | સુરત/ડાંગ |
| ૭. | વલસાડ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | વલસાડ |
| ૮. | ભરૂચ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ભરૂચ |
| ૯. | રાજકોટ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | રાજકોટ |
| ૧૦. | જૂનાગઢ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | જૂનાગઢ |
| ૧૧. | જામનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | જામનગર |
| ૧૨. | ભાવનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ભાવનગર |
| ૧૩. | સુરેન્દ્રનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | સુરેન્દ્રનગર |
| ૧૪. | ભુજ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | કચ્છ |
| ૧૫. | પાલનપુર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | બનાસકાંઠા |
| ૧૬. | ગોધરા શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | ગોધરા |
| ૧૭. | પાટણ શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | પાટણ |
| ૧૮. | નવસારી શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | નવસારી |
| ૧૯. | આણંદ શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | આણંદ |
| ૨૦. | અમરેલી શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | અમરેલી |
| ૨૧. | ગાંધીનગર શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | ગાંધીનગર |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | પોરબંદર શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | પોરબંદર |
| ૨૩. | નર્મદા શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | નર્મદા |
| ૨૪. | ડાંગ શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | ડાંગ |
| ૨૫. | દાહોદ શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | દાહોદ |
| ૨૬. | તાપી શાખા | નગર નિયોજક, વર્ગ-૧ | તાપી |

ઉપરાંત અમદાવાદ, ઉંઝા, નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર, ભચાઉ, અંજાર વગેરે સ્થળોએ જુદા જુદા વિસ્તારોની ૩૧૯ નગર રચના યોજનાઓની આખરી સ્વરૂપ આપવા નિમાયેલ નગર રચના અધિકારીઓની ૪૪ જેટલી કચેરીઓ છે. વધુમાં સમુચિત સત્તામંડળોને ટેકનિકલ બાબતો માટે મદદ કરવા જે તે સત્તામંડળો, મહાનગરપાલિકા/નગરપાલિકાઓની જરૂરિયાત તથા ખાતામાં અધિકારી/ કર્મચારીઓની જે તે સંસ્થાઓમાં પ્રતિનિયુકિત ઉપર લોન કે સેવા ઉપર મોકલવામાં આવે છે. સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર, મહેસૂલ વિભાગ, ગાંધીનગરની એવોર્ડ શાખા, નર્મદા નિગમ વગેરેમાં પણ ખાતાના અધિકારી કર્મચારીઓ લોન પ્રતિનિયુકિતથી સેવાઓ આપે છે.

૨. <u>ખાતાની ફરજો, કામગીરી તથા વહીવટી માળખું</u>.

નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે. આ ખાતું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઇઓ હેઠળની કામગીરી કરે છે. આ ખાતાની કાર્યવાહી નગર આયોજન અને મૂલ્યાંકન એમ બે મુખ્ય ભાગો ફરજોમાં વહેંચાયેલી છે. નગર આયોજન અને મૂલ્યાંકન ફરજો એક બીજા પર પારસ્પરિક આધારીત છે.

આ ખાતું મુખ્યત્વે નીચે જણાવેલ કામગીરી કરે છે

(૧) નગર આયોજન ધારાની જોગવાઇઓ હેઠળ મુસદ્દારૂપ વિકાસ યોજનાઓ તૈયાર કરવી અને વિકાસ યોજનાને લગતી સર્વ કાર્યવાહી કરવી.

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવી અને મંજુર થયેલી મુસદ્દારૂપ નગર રચના યોજનાને અંતિમ સ્વરૂપ આપવાની નગર આયોજન અધિકારીઓ મારફત કાર્યવાહી કરવી.

(૩) શહેરી વિસ્તારો અને વિકાસ પામતા વિસ્તારોમાં આવેલી સરકારી જમીનોનું મૂલ્યાંકન કરી આપવું.

(૪) જમીન સંપાદન ધારા હેઠળ સંપાદન કરવાની થતી જમીનોમાં મૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવા.

(૫) અર્ધ-સરકારી સંસ્થાઓને જમીન વેચાણ કે ખરીદી વખતે બી.સી.એસ.આર.-૩૬૦/બી નીચે ઠરાવેલ ફી લઇને વેલ્યુએશનમાં માર્ગદર્શન આપવું.

(૬) પ્રોબેટ ટેક્ષ માટેની મિલકતોમાં જમીનોની કિંમત નક્કી કરી આપવી.

(૭) નગરપાલિકાઓના વિસ્તારોમાં આવતા સરકારી મકાનોના હાઉસ ટેક્ષના હેતુ માટે આકારણી કરવી.

(૮) વિકાસ યોજના અને નગર રચના યોજનાની દરખાસ્તોની અમલીકરણ માટે યુ.ડી.પી-૧ હેઠળ ફાળવવાની ગ્રાન્ટની વહેંચણી આ ખાતા મારફત થાય છે.

(૯) લેન્ડ રેવન્યુ રૂલ્સના નિયમ-૪૭ હેઠળના વહીવટી હુકમ નં.૨૪-એ ની જોગવાઇઓ હેઠળ બ્રોડ લે-આઉટ કરવા અને અન્ય લે-આઉટ બનાવી આપવા.

(૧૦) જમીનની બીનખેતીના હેતુ માટેના પ્રકરણોમાં લે-આઉટની ચકાસણી કરી નકશા મંજુર કરવા.

(૧૧) મંજુર થયેલ નગર રચના યોજના કસ્ટોડીયમ તરીકે આ ખાતું કામગીરી સંભાળે છે.

(૧૨) વિશ્વબેંક સહાય યોજના હેઠળ રાજય નગરોના એરીયલ ફોટોગ્રાફી સર્વે કરાવની કામગીરી સંભાળે છે.

(૧૩) અમદાવાદ શહેરના ટ્રાફીકના પ્રશ્નો અંગેની સમિતિમાં આ ખાતું ભાગ લે છે અને યોગ્ય માર્ગદર્શન આપે છે.

(૧૪) શહેરી અને પ્રાદેશિક માહિતીની પદ્ધતિઓ માટે (યુરીસ) જમીન ઉપયોગી માહિતી એકત્ર કરવામાં આવે છે.

(૧૫) ખાતામાંથી જુદી જુદી તાલીમ માટે અધિકારી/કર્મચારીઓને મોકલવામાં આવે છે.

(૧૬) આયોજન ક્ષેત્ર આ ખાતાનું સંશોધન યુનિટ વિવિધ કામગીરી કરે છે.

(૧૭) ખાતાનું લીગલ યુનિટ રાજયની વડી અદાલતમાં અને દેશની સર્વોચ્ચ અદાલતમાં ઉપસ્થિત થતા કાયદાકીય કેસોમાં સરકારશ્રી વતી કામગીરી કરે છે.

(૧૮) પ્રાદેશિક તથા પેટા પ્રાદેશિક નકશાઓ બનાવડાવી આયોજન કરવું.

(૧૯) રીમોટ સેન્સીંગ અને જી.આઇ.એસ.જેવી આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શહેરી જમીન પુનઃસમા યોજના તકનીક કેન્દ્ર ગાંધીનગર ખાતે બનાવડાવી સમગ્ર રાજયની શહેરી જમીનનું માળખાકીય આયોજન હાથ ધરવાની કાર્યવાહી ચાલુમાં છે.

3. ખાતાની નાણાકીય તથા ભૌતિક સિદ્ધિઃ-

(અ) વિકાસ નકશા/નગર રચના યોજનાની ભૌતિક પ્રગતિઃ-

| અ.નં. | વિગત | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ ડીસેમ્બર-૧૨ સુધી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સરકારશ્રીએ મંજુર કરેલ વિકાસ યોજનાની સંખ્યા | ૨ | ૬ | ૬ | ૭ | ૨૧ |
| ૨ | સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓની સંખ્યા | ૨૨ | ૮ | ૩૪ | ૩૫ | ૯૯ |
| ૩ | સરકારશ્રીએ મંજુર કરેલ પ્રિલીમીનરી નગર રચના યોજનાની સંખ્યા | ૮ | ૯ | ૧૦ | ૧૮ | ૪૫ |
| ૪ | સરકારશ્રીએ મંજુર કરેલ ફાયનલ નગર રચના યોજનાઓની સંખ્યા | ૪ | ૪ | ૪ | ૨ | ૧૪ |

## ૩. શહેરી અને પ્રાદેશિક આયોજનઃ-

### ભાવિ શહેરી વિકાસનું આયોજન અને અમલીકરણઃ-

આ યોજના હેઠળ વિકસતા શહેરો/નગરોનો આયોજનબધ્ધ વિકાસ થાય તે માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે રૂ. ૨૩૭૯.૨૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. સમગ્ર યોજનાના હેતુ નીચે મુજબ છે.

રાજ્યમાંની શહેરી આયોજનની કામગીરીમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાના ભાગરૂપે શહેરી આયોજનની વિવિધ કામગીરી સાથે સંકળાયેલી કચેરીઓમાં કોમ્પ્યુટીકરણ કરી તેના મારફતે જી.આઇ.એસ તથા નેશનલ અર્બન ઇન્ફર્મેશન સીસ્ટમથી રાજ્યમાં સુઆયોજીત વિકાસ કરવાનો પણ ઉદ્દેશ છે.

રાજ્યમાંના વિવિધ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળો તથા નગરપાલિકા, ગ્રામ પંચાયતને તેમના જે તે નગરના આયોજન માટે પ્રોત્સાહન મળે તે માટે વિકાસ યોજનાની દરખાસ્તો અને નગર રચના યોજનાની દરખાસ્તોના અમલીકરણ માટે થયેલ ખર્ચની સામે ૫૦ ટકા રકમ સુધી તેમજ મહેકમ ખર્ચની સામે ૭૫ ટકા સુધીની રકમ રાજ્ય સરકારના ફાળા પેટે સહાયક અનુદાન આપી રાજ્યમાં શહેરો/નગરોનો સુઆયોજીત વિકાસ કરવાનો ઉદ્દેશ છે.

મુક્ત ઔદ્યૌગિક અને આર્થિક નીતિ તેમજ વૈશ્વીકરણને કારણે ગુજરાત રાજ્યમાં ઔદ્યૌગિક મુડી રોકાણના સંદર્ભે ઝડપી વિકાસ થાય તેમ છે. આ વિકાસ મુખ્યત્વે દરિયાકાંઠાના વિસ્તારોમાં થનાર છે જેને ધ્યાને લઇને રાજ્યમાં સમતુલીત વિકાસ કરવો અને ભૌતિક આયોજન પ્રાદેશિક સત્વરે કરવાનો હેતુ છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત રાજ્ય ભૌતિક આયોજનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. શહેરી જમીન પુનઃસમાયોજના તકનીકી કેન્દ્રમાં અર્બન લેન્ડ રીએડજસ્ટમેન્ટ સ્કીમ અંતર્ગત વધુ સંખ્યામાં ઝડપી નગર રચના યોજનાઓ કરવાનો અભિગમ રાખી સુવિધા સભર અમલીકરણ કરવાનો રાજ્ય સરકાર તથા સમુચિત સત્તામંડળોનો હેતુ છે. જમીન સંપાદનના અસરકારક વિકલ્પ તરીકે વિસ્તૃત આયોજન કે જેમાં આંતરમાળખાકીય સુવિધાઓ, અસરકારક લોક સહયોગ ખાનગી અને જાહેર ક્ષેત્રની સંયુકત/સામુહિક ભાગીદારી વિગેરે સંકળયોલ છે. તે આ તકનીકના આગવા અંગો છે.

રાજયના વિકાસનો લાભ ફકત શહેરો અને નગરો પુરતો સિમિત ન રાખતાં તેનો લાભ રાજયના છેવટના વિસ્તારો કે જેમાં મુખ્યત્વે આદિવાસી અને પછાત ગણાતા

આ યોજના માટે સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં આયોજન સદર હેઠળ રૂ. ૨૧૫૦.૦૪ લાખની જોગવાઇ સૂચવેલ હતી. જયારે સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં આયોજન સદર હેઠળ રૂ. ૨૩૭૯.૨૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

<u>અગ્નિશમન સેવાઓઃ-</u>

ગુજરાત રાજયમાં, ઔધોગિક તેમજ આર્થિક વિકાસ ઝડપી થઇ રહેલ છે અને જેને લીધે રહેણાંક, વાણિજયક તેમજ ઔધોગિક હેતુઓ માટે બાંધકામો (મકાનો) ની માંગ દિવસે-દિવસે વધી રહી છે. હાલમાં, રાજયમાં અગ્નિશમન સેવાઓ જુદી જુદી એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવી રહી છે અને ખાસ કરીને, અગ્નિશમનને લગતી જોગવાઇઓ સ્થાનીક કાયદાનો ભાગ છે. રાષ્ટ્રીય ઇમારત અધિનિયમ, બાંધકામને લગતા પેટા-કાયદા અને બાંધકામો અને જગ્યાઓના વિકાસ પર નિયંત્રણ કરતા વિનિયમોથી, તેમા અગ્નિનિવારણ માટેના પગલા અંગેના ઉપકરણો સ્થાપિત કરવા જોઇએ, તે અંગેની જોગવાઇ કરવામાં આવી છે. હાલમાં, બાંધકામોના વિકાસ પર નિયંત્રણ કરતા વિનિયમો પ્રમાણે અગ્નિ સલામતી ઇન્સ્ટોલેશનની જોગવાઇ કરવામાં આવેલ છે તેમ છતાં, તેવી અસરકારક જોગવાઇ નથી કે જેનાથી એ બાબત સુનિશ્ચિત થાય કે બાંધકામ (મકાન) અથવા જગ્યાનો માલિક અથવા ભોગવટો કરનાર, અગ્નિ સલામતીના સાધનોનો નિભાવ કરશે અને પરિસ્થિતિ એવી છે કે આગ ફાટી નીકળશે ત્યારે, આવા ઉપકરણો કામે લાગશે કે કેમ તેની કોઇ ખાતરી નથી. વધુમાં, આગ હોલવવાની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે, આવા (આગ ફાટી નીકળવાના) કિસ્સામાં, જુદા જુદા સંસાધનો જેવા કે પાણી, માનવશકિત, યંત્રોને જુદા જુદા સ્ત્રોતો દ્વારા ઉપલભ્ય કરવા જોઇશે. ઉપરાંત, આગ હોલવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે, પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે, કર્મચારીઓને પોલીસની સહાયની અને પ્રક્રિયામાં બાધરૂપ હોય તેવા કૃત્યો થતા અટકાવવાની સત્તાની જરૂર પડે.

આથી, સમગ્ર ગુજરાત રાજયમાં, આગ ફાટી નીકળતી અટકાવવા તેમજ આગ ફાટી નીકળવાના કિસ્સામાં અસરકારક પગલા લેવા માટે, એકસમાન અગ્નિશમન સેવા ઉભી કરવાનું જરૂરી જણાયુ છે. તમામ અગ્નિસમન એજન્સીઓ એક જ માળખા હેઠળ કામ કરે તે પણે જરૂરી જણાયુ છે. જીવન અને મિલ્કતની સલામતી સુનિશ્ચિત કરવા કાયદાને અધિનિયમિત કરવાનું પણ જરૂરી જણાયુ છે.

આ યોજના માટે સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં આયોજન સદર હેઠળ રૂ. ૧૫.૪૯ લાખની નવી જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**<u>વિકાસ યોજના અને નગર આયોજન યોજનાના રેકર્ડનું કમ્પ્યુટીકરણ જી.આઇ.એસ. બેઇઝડ ટેકનોલોજી:-</u>**

સંને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષથી વિકાસ નકશા અને નગર રચના યોજનાના રેકર્ડનું કમ્પ્યુટીકરણ જી.આઇ.એસ. બેઇઝડ ટેકનોલોજી યોજના અમલમાં મૂકેલ છે. મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરી અને તેના નિયંત્રણ હેઠળની કચેરીઓને તેમજ નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી અને વિભાગ ખુદને તેમજ રાજ્યની ૧૪૩ નગરપાલિકાઓને કોમ્પ્યુટરો પૂરા પાડવામાં આવેલ છે. આ ઉપરાંત વિભાગ ખુદ તથા ખાતાના વડાઓની કચેરીઓ માટે એકશન પ્લાન બનાવવામાં આવેલ છે. આ સ્કીમના બે હેતુઓ છે.

(૧) જુદા જુદા ખાતાના વડાઓ અને અર્બન લોકલ બોડીઝ માટે હાર્ડવેર અને સોફ્ટવેર્સની જરૂરીયાત તેમજ આઇ.ટી પ્રોફેશનલની સેવાઓ પૂરી પાડવી.

(૨) સેટેલાઇટ ઇમેજીઝ દ્વારા એરીયલ ફોટોગ્રાફસ મેળવવા અને ડેટાબેઇઝનો ઉપયોગ જી.આઇ.એસ સાથે કરવો. શહેરી વિસ્તારોના સ્થળોનો સર્વે કરી આયોજનની સગવડ પૂરી પાડવી.

(૩) નેશનલ અર્બન ઇર્ન્ફોમેશન સીસ્ટમ( એનયુઆઇએસ) નો અમલ કરવો.

આ યોજના માટે સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં આયોજન સદર હેઠળ રૂ. ૧.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ હતી. જયારે સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં આયોજન સદર હેઠળ રૂ. ૧૩૬૯.૮૮ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**<u>મનોરંજન કરની ગ્રાન્ટ:-</u>**

નાણા પંચની ભલામણના અનુસંધાને હાલમાં શહેરી સ્થાનિક સંસ્થાઓને સરકારશ્રી દ્વારા મનોરંજન કરની પ્રાપ્ત થતી કૂલ આવકમાંથી ૫૦ ટકા હિસ્સો તેમના વિકાસ કામો માટે દર વર્ષે ફાળવવામાં આવે છે. તેમાં ૨૫ ટકા વધારો કરી હવે તેમને ૭૫ ટકા ફાળવવાની રહે છે. વધારાની ૨૫ ટકા રકમ વાજપાઇ નગર વિકાસ યોજના હેઠળ આવરી લેવાયેલ વિવિધ વિકાસ કામો માટે ફાળવવાના રહે છે અને શહેરી સ્થાનિક સંસ્થાઓએ તેનો ઉપયોગ બાજપાઇ નગર વિકાસ કામો માટે જ કરવાનો રહે છે.

સરકારશ્રીને નિયત કરેલ ધોરણો/માપદંડો અનુસાર નાણાં બોર્ડ દર વર્ષે નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓને તેમના વિસ્તારના વિકાસ કામો/યોજનાઓ માટે મનોરંજન કરની ગ્રાન્ટ ફાળવે છે. મનોરંજન કરની ગ્રાન્ટમાંથી નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓને તેમના વિસ્તારના વિકાસ કામો/યોજનાઓ જેવી કે અગ્રિમ આવશ્યક સેવા,પછાત વિસ્તારોની પાયાની સગવડો પૂરી પાડવા તથા સ્પેશ્યલ પ્રોજેકટ માટે દર વર્ષે દરખાસ્ત રજૂ કર્યે ગ્રાન્ટ પૂરી પાડવામાં આવે છે.

આ યોજના માટે વર્ષ ૨૦૧૩-૧૪માં આયોજન સદર હેઠળ રૂ. ૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂ. ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૧૪-૧૫ માટે આયોજન સદર હેઠળ રૂ. ૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂ. ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

<u>શહેરી વિકાસ નિધિ માટે ફાળોઃ-</u>

હાલ રાજય સરકારના બજેટમાં મ્યુનિસિપલ કોર્પોરેશનો તથા શહેરી વિકાસ સત્તામંડળોને વિકાસના કામો કરવા માટે ગ્રાન્ટ ઇન એઇડ કે સરકારી મદદ આપવા માટેની જોગવાઇ નથી. પરિણામે તેઓ વિકાસના કામો શહેરી વિસ્તારોમાં કરી શકતા નથી અને મોટા કામો અટકી જાય છે. ૧૯૯૧ ની વસ્તી ગણતરીના પ્રાથમિક આંકડાઓ ધ્યાનમાં લેતાં ૩૬ ટકા જેટલી વસ્તી શહેરી વિસ્તારોમાં વધી છે. પરિણામે કોર્પોરેશનના બહારના વિસ્તારોમાં શહેરી વિસ્તારો જેવી જ અને તેટલી જ સુવિધાઓ પૂરી પાડવી આવશ્યક થઇ પડી છે. પાણી પૂરવઠો, ડ્રેનેજ, ઇલેકટ્રીકસીટી, રસ્તાઓ વગેરે મોટા કામોનો વ્યાપ વધ્યો છે તેથી તે કામ પાછળ થનાર ખર્ચ સરકારી મદદથી આ સ્થાનિક સત્તામંડળો પહોંચી વળે તેમ નથી. આથી આ હેતુ માટે શહેરી વિકાસ ભંડોળ ઉભુ કરવાનું વિચારણામાં આવ્યું છે.

આ ભંડોળનો વહીવટ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને સોંપવામાં આવેલ છે. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ હાલ રિવોલ્વીંગ ફંડમાંથી જે ધોરણે લોન આપે છે તે જ ધોરણે સ્થાનિક સંસ્થાઓને મુડીકૃત કામો માટે હળવા વ્યાજના દરે લોન આપવાની જોગવાઇ છે.

સને ૨૦૧૩-૧૪ ના વર્ષ માટે આયોજન સદર હેઠળ રૂ. ૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ સુચવેલ હતી જ્યારે સને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે આયોજન સદર હેઠળ રૂ. ૧.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**વાજપાઇ નગર વિકાસ યોજના:-**

વાજપાઇ નગર વિકાસ યોજના રાજ્યની નગરપાલિકાઓમાં અમલમાં મૂકવામાં આવેલ છે. વાજપાઇ નગર વિકાસ યોજનાના પ્રથમ તબક્કામાં ઘણી નગરપાલિકાઓને આ યોજનાનો લાભ લીધેલ છે. આ અંગે પ્રથમ તબકકામાં નગરપાલિકાઓ તરફથી સદરહુ યોજના અંગે સારો પ્રતિસાદ મળેલ હોઇ, આ યોજનાનો બીજો તબકકો શરૂ કરવામાં આવેલ છે.

બીજા તબકકામાં નગરપાલિકાઓ માટે યોજનાની મહત્તમ રકમ તથા તેમને આપવાની ગ્રાન્ટ અને લોનના સુધારેલ ધોરણો નીચે મુજબના રહેશે.

| ન.પાનો વર્ગ | વસ્તી | યોજનાની મહત્તમ રકમ રૂપિયા | સહાયનું ધોરણ(ટકા) | સંસ્થાકીય લોન(ટકા) | ગંદા વિસ્તાર માટે ૧૦ ટકા લેખે વધારાની મદદ |
|---|---|---|---|---|---|
| અ | ૧૦૦૦૦ થી વધુ | ૨.૫૦ | ૫૦ ટકા | ૫૦ ટકા | ૦.૨૫ |
| બ | ૫૦૦૦૦થી વધુ અને ૧૦૦૦૦૦થી ઓછી | ૨.૦૦ | ૬૦ ટકા | ૪૦ ટકા | ૦.૨૦ |
| ક | ૨૫૦૦૦ કે તેથી વધુ પણ ૫૦૦૦૦ થી ઓછી | ૧.૫૦ | ૭૦ ટકા | ૩૦ ટકા | ૦.૧૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | ૨૫૦૦૦ થી ઓછી | ૧.૫૦ | ૭૦ ટકા | ૩૦ ટકા | ૦.૧૫ |

નગરપાલિકાઓ આ યોજના બીજા તબકકામાં નીચે મુજબના કામો હાથ ધરી શકશે.

(૧) પાણી પૂરવઠો

(૨) ગટર વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, ઘન કચરાનો નિકાલ, શુધ્ધિકરણ પ્લાન્ટ

(૩) ગંદા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ, જાહેર શૌચાલયો, બાથરૂમની સુવિધા

(૪) રેઇન વોટર હાર્વેસ્ટીંગ તળાવો તથા પરકોલેટીંગ વેલ ટેન્ક

(૫) જાહેર રસ્તા, અપગ્રેડેશન સહિત

(૬) જાહેર દીવાબત્તી

(૭) અગ્નિશમન સાધનો.

૨૦૧૦ માં પાણી પૂરવઠો, પાણીનું શુધ્ધિકરણ, ઘન કચરાનો નિકાલ, ગંદા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓને અગ્રતા આપવાની રહેશે . આ યોજના હેઠળની આ કામગીરી સંતોષજનક રીતે થયેલ હશે અને તે મતલબનું પ્રમાણપત્ર કલેકટરશ્રી આપશે તો જ બાકીની સુવિધાઓ મંજૂર કરવાની રહેશે. દક્ષિણ ગુજરાંત સિવાયની નગરપાલિકાઓ માટે રસ્તાના કામો ૩૦ ટકાથી વધારે રાખી શકાશે નહીં.

જે નગરપાલિકાઓને પ્રથમ તબકકાની સદરહુ યોજનાની તા.૩૧/૧૨/૨૦૦૦ સુધીમાં વહીવટી મંજૂરી મળી ગઇ હોય તેમને પ્રથમ તબકકો ચાલુ રહેશે સાથે સાથે જે નગરપાલિકાઓને ૭૫ ટકા પ્રોજેકટો માટે વહીવટી મંજૂરી મળી ગઇ હોય તે જ બીજા તબકકા માટે પાત્ર બનશે.

આ યોજના માટે વર્ષ ૨૦૧૩-૧૪માં આયોજન સદર હેઠળ રૂ. ૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી જ્યારે વર્ષ ૨૦૧૪-૧૫ માટે આયોજન સદર હેઠળ રૂ. ૧.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.